૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,**

ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/પેન્શન સ્લીપ/૭૯૩૩-૫૦ / તા.૩/૭/૨૦૧૩

વિષય:-પેન્શનરોને પેન્શનની આવકનુ વાર્ષિક પ્રમાણપત્ર આપવા બાબત

પરિપત્ર-૫/૨૦૧૩

આથી તમામ શ્રેયાન/જિલ્લા/તિજોરી અધિકારીશ્રીઓનુ ઉક્ત વિષય પરત્વે ધ્યાન દોરતા જણાવવાનુ કે કેટલીક તિજોરી કચેરીઓ ખાતે પેન્શનરોને આવકના પ્રમાણપત્રો સમયસર મળતા નહી હોવાની રજુઆતો થતી હોય છે,આથી પેન્શનરોને આવકના પ્રમાણપત્રો ઈસ્યુ કરવા માટે નીચે મુજબની વ્યવસ્થા ગોઠવવી.

1. તિજોરી કચેરી ખાતે કોઈ એક કર્મચારીને આવક પ્રમાણપત્ર ઈસ્યુ કરવાની કામગીરી સોપીને તેની જાણકારી નોટીસબોર્ડ પર મુકવી તથા તે કર્મચારીની બેઠક વ્યવસ્થા પાસે પણ તેની નોટીસ મુકવી.
2. આ કર્મચારી એ કોઈપણ બેંકમાથી પેન્શન મેળવતા પેન્શનરનુ આવક પ્રમાણપત્ર ઈસ્યુ કરવાનુ રહેશે. જેથી પેન્શનર ફકત તેનો જ સંપર્ક કરે. તેમજ પેન્શનર દ્વારા જ્યારે કોઈપણ કારણસર પેન્શનની આવકના વાર્ષિક પ્રમાણપત્રની માગણી કરવામા આવે તો, તુરત જ, તે જ દિવસે પેન્શનરને વાર્ષિક આવકનુ પ્રમાણપત્ર મળી જાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવી. પેન્શનરને આવકના પ્રમાણપત્રની ઈન્કમટેક્ષ સિવાય અન્ય બાબતો માટે પણ જરૂરિયાત રહે છે. જેથી પેન્શનના આવક પ્રમાણપત્ર માટે કોઈ ફરિયાદ/રજુઆતને અવકાશ ન રહે.

સંયુક્ત નિયામક

પ્રતિ,
શ્રેયાન/જિલ્લા/ તિજોરી અધિકારીશ્રી,.........................................

**નકલ રવાના:-**

- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી,હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર
- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી(પેન્શન) ,હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ